**ફોજદારી કેસ.નં. ૧૭૪/૨૦૨૦**

**–:: <u>આંક–૧ હેઠળ હુકમ</u> ::–**

સદર હાલની ખાનગી ફરીયાદ ફરીયાદી એ આરોપી વિરુધ્ધ નેગો.ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ.૧૩૮ ની કરેલ છે સદર કામે નુ રેકર્ડ જોતા સદર કામ દાખલ થયેલ ત્યાર થી આરોપી ને પ્રોસેસ ની બજવણી માટે ચાલે છે. ફરીયાદી ને આરોપીની પ્રોસેસ ની બજવણી કરવા સારુ સને ૨૦૨૦ થી આજ દીન સુધી વારંવાર મુદતો આપી મોટી તકો આપેલ છે. તેમ છતા, આજદિન સુધી ફરીયાદી તરફે આરોપીને પ્રોસેસની બજવણી કરેલ નથી કે આરોપીને પ્રોસેસ બજે તે માટે આરોપીનું કોઈ સરનામું રજૂ કરેલ નથી. સદરહુ કામ ન્યાયના હિતમાં આજરોજ રાખવામાં આવેલ અને આજરોજ પણ ફરીયાદી હાજર રહેલ નથી કે તેમના વી.વ.શ્રી એ આરોપીની પ્રોસેસની બજવણી માટે વોરંટ કાઢવાની કોઈ અરજી રજુ કરેલ નથી કે આરોપીનુ કોઈ સરનામુ રજુ કરેલ નથી આમ, ફરીયાદી તરફે આરોપીને પ્રોસેસની બજવણી કરાવવા માંગતા ન હોવાનું માનવાને રહે છે અને ફરીયાદી આરોપી ને પ્રોસેસ ની બજવણી કરાવી શકેલ નથી. અને સદર કામ ઘણાં લાંબા સમય થી સદર કામ ડેડ વુડ પડી રહેલ છે. વધુમાં અત્રેની અદાલતમાં રહેલ કામગીરીનું ભારણ ઘ્યાને લેતાં, આવા ડેડ વુડ કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી ન્યાયીક કાર્યવાહી વિલંબીત થાય છે.

નામ.સુપ્રિમ કોર્ટે એસ.રામા સ્વામી વિરૂધ્ધ ગુ.રામી રેડ્ડીના વારસો (૨૦૦૮ એઆઈઆર એસ.સી ૨૦૬૬) ના કેસમાં એવું નિરીક્ષણ કરેલું છે કે,

> '' *the conduct of the complainant for the said purpose is of immense significance. He cannot allow a case to remain pending for an indefinite period.* ''.

નામ.સુપ્રિમ કોર્ટે સુઓ મોટો રીટ પીટીશન (ક્રિમી) નં.૦૨/૨૦ *Re: Expeditious Trial of Cases under Section 138 of N.I. Act 1881.* ના કેસમાં પેરા નં.૫ માં એવુ નિરીક્ષણ કરેલું છે કે,

> '' *5. The situation has not improved as courts continue to struggle with the humongous pendency of complaints under Section 138 of the Act. The preliminary report submitted by the learned Amici Curiae shows that as on 31.12.2019, the total number of criminal cases pending was 2.31 crores, out of which 35.16 lakh pertained to Section 138 of the Act. The reasons for the backlog of cases, according to the learned Amici Curiae, is that while there is a steady increase in the institution of complaints every year, the rate of disposal does not match the rate of institution of complaints. Delay in disposal of the complaints under Section 138 of the Act has been due to reasons which we shall deal with in this order.*''

ભવાની ટેક્ષટાઈલ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯ નામ.ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૧/૨૦૧૦ ના ચુકાદામાં નામ.ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ

ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે.

આમ, આ કામે ફરીયાદી ને આરોપી ને પ્રોસેસ ની બજવણી કરવા મુદતો આપી વ્યાજબી સમય આપેલ છે આજરોજ ફરીયાદી તથા તેઓના વી.વ.શ્રી તરફે કોઈ રીપોર્ટ કે રજુઆત નથી. ત્યારે સદર કેસને Sine die અવસ્થામાં રાખવાનો અને આગળની મુદતે આગળ ચલાવવાનો કોઈ અર્થ નથી. તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચિત જણાય છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

ફરીયાદીની હાલની ફરીયાદ ફરીયાદીની ગેરહાજરી તથા તેમજ આરોપીને પ્રોસેસ ની બજવણી ના કરાવી શકવાના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપી ને નીદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવા મા આવે છે.

હુકમ આજરોજ તા. ૨૫/૦૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા સહી કરી જાહેર કર્યો.

તા.૨૫/૦૬/૨૦૨૬
કેશોદ

**(પટેલ વાલજીભાઈ શામજીભાઈ)**
એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
કેશોદ જજ કોડ નં.જી.જે.૦૧૪૮૪